સાલ : ૫ / સિલસિલાવાર નંબર : ૫૨ / શુમારો : ૪

بِسْمِ اللهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

કુલ પાના - ૪+૧૦

# الهادي
THE GUIDE

મવએઝત અને હિકમતથી હક્કની તરફ દાઅવત આપતુ લિસાનુદ્દાઅવતમાં અખબાર

નાશિર : મરકઝે તરબીયતે મુમેનીન, અલ-વિઝારતુલ અલવીયાહ, વડોદરા.

તા. ૧ રબીઉલ આખિર ૧૪૨૯ હી., ૬-૪-૨૦૦૮

## -::: મૌલાના ઈમામ તૈયેબ (અ.સ.)-હક્કનું નૂર :::-

### -::: દૌરે સતરની તૈયારી :::-

૧૮ માં તાજદારે ઈમામત, ઈમામે આલે મોહંમદ (સ.અ.વ.વ.) મૌલાના અબુ તમીમ મુસ્તનસિર બિલ્લાહ (અ.સ.) અને આપના ફરઝંદે અરજુમંદ ૧૯ માં ઈમામે અત્હર મૌલાના અબુલ કાસિમ મુસ્તાઅલી (અ.સ.) ના દૌરે ઈમામતમાં યમનમાં સૈયેદના અલી બિન મોહંમદ અસ-સુલૈહી (ક.રૂ.), સૈયેદના અહમદ અલ-મુકર્રમ (ક.રૂ.), સૈયેદતોના હુર્રતુલ મલેકા અરવા બિન્તે અહમદ (ક.રૂ.) અને સૈયેદના લમક બિન માલિક (ક.રૂ.) એ ઈમામી ફરમાન મુજબ ફાતેમી દાઅવતની અસાસ-બુનિયાદને મઝબૂત કીધી. ઈમામુઝઝમાન (અ.સ.) ની વલાયત-મોહબ્બતની શમાઅને જલાવી અને તેનાથી મુમેનીનના દિલોને રૌશન કીધા, અલવી ઈલ્મની નહેરોથી મુમેનીન સૈરાબ થયા, હક્કના દીનના પરચમના સાયામાં મુમેનીન મુખ્લેસીન સુકૂન પાયા.

ઈમામ મુસ્તાઅલી (અ.સ.) ના ઈન્તેકાલ બાદ આપના નૂરે નઝર મૌલાના અબુ અલી આમિર (અ.સ.) ૧૭ સફર ૪૯૫ હિ. ના દિન અર્શે ઈમામત પર જલ્વાનુમા થયા અને ૪ ઝિલકાદ ૫૨૬ હિ. ના દિન રાતે આપ વફાત થયા. આપની ઈમામતના અય્યામ ૩૧ સાલ છે જેમાં સૈયેદતોના હુર્રતુલ મલેકા હુજ્જતે ઈમામ ના આલી મરતબા પર પહોંચી ચુકા હતા. સૈયેદના લમક અને આપના દિકરા સૈયેદના યાહયાએ મૌ.હુર્રતુલ મલેકાની જાનો માલથી ખૂબ ખિદમત કીધી અને યમનમાં ફાતેમી દાઅવતની બકા, ઝિંદગી, કેવામ-દેવામ વાસ્તે ઈલ્મી-અમલી તૌર પર પુખ્તા ઈન્તેઝામ કીધો.

આ અરસામાં સૈયેદના લમક અને સૈયેદના યાહયાના ઈલ્મના વારિસ અને આપ સાહબોની મહેનતો મશક્કતનો નતીજો-ફલ સૈયેદના ઝોએબ બિન મૂસા અને મૌ.હુર્રતુલ મલેકાના દૂધ ભાઈ સૈયેદના સુલ્તાન અલ-ખત્તાબ થયા. મૌ.હુર્રતુલ મલેકાની હિદાયત અને દૂરંદેશીના સબબ સૈયેદના લમકે આપના દિકરા સૈયેદના યાહયા સાથે સૈયેદના ઝોએબ અને સૈયેદના અલ-ખત્તાબને પણ દાઅવતના ઝાહિરી-બાતિની કારોબારને લઈ ઉઠવા વાસ્તે કુલ્લી તૌર પર તૈયાર કરી દીધા હતા. આના પાછલ અલ્લાહતઆલાની હિકમત એ હતી કે, સૈયેદના લમક ૨૭ જુમાદિલ આખર ૫૧૦ હિ. માં ઈન્તેકાલ કરી ગયા અને ૧૦ સાલની કલીલ મુદતમાં જ આપના ફરઝંદ સૈયેદના યાહયા ૨૮ જુમાદિલ આખર ૫૨૦ હિ. માં દારે બકા તરફ કૂચ કરી ગયા. આ બેવે દાઈયુલ બલાગ બાદ સૈયેદના ઝોએબે અને સૈયેદના અલ-ખત્તાબે પૂરી હિમ્મત-હોંસલા સાથે મૌ.હુર્રતુલ મલેકાને દાઅવતના ઊમૂરમાં મદદ-યાવરી કીધી. બેવે સાહબો, મૌલાતોનાની આઁખોની બે કીકી જેવા હતા, જમણા અને ડાબા હાથ મુજબ હતા.

### -::: મૌલાતોના હુર્રતુલ મલેકાની શખ્સીયત :::-

૫૨૦ હિ. થી ૫૩૨ હિ. ના બાર વરસ મૌ.હુર્રતુલ મલેકા વાસ્તે ઘણા કપરા, કઠીન અને આઝમાઈશ ભરેલા હતા. ઘર અને ઘરને બહારની ફિકરો-ઝિમ્મેદારી વધી રહી હતી. યારી આપનારા ભરોસાવાલા ખિદમત ગુઝારો ઓછા થઈ રહ્યા હતા. છતાં આપ સાહેબાની અજીબો ગરીબ હિમ્મત હતી. અલ્ફાઝમાં બયાની ન થઈ શકે તેવી સાદા-મિઝાજી અને સાબિત કદમી આપમાં હતી. કહેવાને એક બૈરો હતા પણ ઈલ્મો ફઝલમાં જલાલતો શાનમાં હઝારો મરદો પર ભારી હતા. સલતનત અને દાઅવત યા મુલ્ક અને મિલ્લતના ગમે તેવા આંટીઘુંટી

*(બકીયાહ પેજ નં. ૨ પર)*

**ખામોશીમાં ઈન્સાન સલામત રહે છે.**

*(પેજ નં. ૧ નું બાકી)* ***મૌલાના ઈમામ તૈયેબ (અ.સ.) ....*** ભરેલા સવાલનો આપ કાફી-શાફી જવાબ ઈનાયત ફરમાવતા હતા. ઈલ્મ, ઝોહાદત, ઈબાદત, ઈન્સાફ, અખ્લાક, કરીમી-રહીમીના આપ બેનમૂન નગીના હતા. યમનના કબીલાવાલાઓ, જાગીરદારો અને રાજદરબારીઓ માં આપની ઘણી ઈઝઝત, કરામત અને માન હતું. "**બિલ્કીસુલ ઇસ્લામ**" ના આઅલા અને બાફખર લકબથી અહલે ઈસ્લામના તારીખકારો આપને "મલેકા" યાઅની રાજરાણી- મહારાણી ના ખિતાબથી યાદ કરે છે. ખુદ ઈમામે બર હક્ક મૌલાના આમિર (અ.સ.) જેના આપ યમનમાં હુજ્જતે ઉઝમા હતા, આપની ખિદમત પર નાઝ કરે છે.

**-::: ઈમામ તૈયેબ (અ.સ.) ની વિલાદત :::-**

મૌલાના ઈમામ આમિર (અ.સ.), આપના દાદાજી સાહેબ મૌલાના ઈમામ મુસ્તનસિર (અ.સ.) ને મુજબ ૫ વરસની નાની ઉંમરે કમસિનીમાં તખ્તે ઈમામત પર જલ્વાઅફરોઝ થયા હતા. આપના મદદગાર-યાવરો નાસિર સૈયેદના અબુલ બરકાત અને વઝીર અફઝલ હતા જેના સબબ આપે ઘણા મુદઈઓ અને બાગીઓને ઝૈરે શમશીર કીધા, વાસિલે જહન્નમ કીધા. હિ.૫૨૪ માં રબીઉલ આખરની ચોથી તારીખે રવિવારે રાતે ખુદાતઆલાએ આપને દિકરાની બાબરકત દૌલતથી નવાઝા, જેનું નામ આપે "**તૈયેબ**" રાખું અને કુનીયત "**અબુલ કાસિમ**" રાખી, જેમ આપના દાદાજીએ આપના બાવાજી મૌલાના મુસ્તાઅલી ની કુનીયત "અબુલ કાસિમ" રાખી હતી. ખુદ નબીએ અકરમ (સ.અ.વ.વ.) ની કુનીયત "અબુલ કાસિમ" હતી.

**-::: ઈમામનું નૂર :::-**

કુલ્લો ઈમામિન યૂલેદો ઈમામન, હર ઈમામ તેની પૈદાઈશથી જ ઈમામ હોય છે. ભલેને તે ઈમામ કોઈ પણ ઉંમરમાં તખ્તે ઈમામત પર આવે પણ પોતાના બાવાજી તરફથી રૂહાની ફૈઝ ઉતરવામાં અને દરજાનું નૂર ઝાહિર થાવામાં ઉંમરના લેહાઝથી કોઈ ફરક પડતો નથી. ઈમામની હસ્તીમાં ઈમામતનું લાઝવાલ નૂર એના પૈદા થાવાની સાથે જ ઝલકી ઉઠે છે જે નૂરને એના બાવાજી એની પૈશાની પર શનાખ્ત કરી લે છે. નબીએ અકરમ (સ.અ.વ.વ.) ના બે નવાસા, અલી (અ.સ.) અને ફતેમા (અ.સ.) ના બે જિગરગોશાની બાબતમાં નાનપણથી જ સૈયેદુલ મુરસલીને ફરમાવેલું હતું કે, "**બેવેના હાથમાં તખ્તો તાજ હોય યા ન હોય મારા હસન અને હુસૈન હક્કના ઇમામો છે.**" મૌલાના ઈમામ મોહંમદુલ બાકિર (અ.સ.) ને પૈદા થાવાની ૫૦ વરસની વાર હતી. ત્યાં તો સૈયેદુલ મુરસલીને (સ.અ.વ.વ.) આપના અસ્હાબ જાબિર બિન અબ્દિલ્લાહિલ અન્સારીને ફરમાવી દીધું કે, મારા ગુઝરી જાવા બાદ અલ્લાહતઆલા તમારી ઉંમરને એટલી દરાઝ કરશે કે તમેં મારા આ નવાસા હુસૈન ના દિકરા અલી અને તેના દિકરા મોહંમદથી મીલશો જે મારા હમનામ હશે. આ તે સાહબ હશે જેને અલ્લાહ નૂર અને હિકમત અતા કરશે. તમેં જે વક્ત એની મુલાકાતથી શરફયાબ થાવ તો એના ઉપર મારો સલામ કહેજો અને આ પૈગામ પહોંચાવજો કે, "**યા બાકેરો, ઇબ્કેરિલ ઇલ્મા**" યાઅની, અય ઈલ્મને ફાડનાર, તમેં ઈલ્મને ખોદી નીકાલો, ગુઝરી ગયેલા લોગો (અવ્વલીન) અને આવનાર લોગો (આખરીન) ની હકીકતને ઝાહિર કરો. અઈમ્મતે તાહેરીન (અ.સ.) ના સિલસિલામાં ઘણી વાર એક બાવાજીએ પોતાના દીકરાને કમસિની-નાનપણમાં જ ઈમામ તરીકે ઝાહિર કીધા છે. ૨૦ માં ઈમામ મૌલાના આમિર ફકત મિસિરમાં જ નહીં બલ્કે તમામ મુલ્કોમાં જ્યાં જ્યાં આપની સલતનત ફેલાયેલી હતી, આપની દાઅવત કાઈમ હતી ત્યાં ત્યાં આપના દાઈઓના ઝરીએ લોગોમાં ૨૧ માં ઈમામ તૈયેબના નામને અને નસને અલલ એલાન ઝાહિર કરી દે છે. યમનમાં મૌ.હુર્રતુલ મલેકાને આપ ઈમામ તૈયેબ (અ.સ.) ની પૈદાઈશ અને નસનું બશારતનામું એક ઈમામી દસ્તાવૈઝ-સિજિલ્લ શરીફ તરીકે મોકલી આપે છે જેમાં ઈમામ તૈયેબ (અ.સ.) ના નામ પર દાઅવતને કાઈમ કરવાનું ફરમાન હોય છે. આ ઈમામી ફરમાનની વિગત આજે દાઅવતના કિતાબોમાં મૌજૂદ છે.

**-::: મૌ.હુર્રતુલ મલેકા અને ઈમામનો રૂમાલ :::-**

મૌ.હુર્રતુલ મલેકાને જે વકત ૨૧ માં ઈમામે હક્કના વિલાદતની વધામણી મીલી તો આપની ખુશીનો કોઈ પાર રહ્યો નહીં. આપની હયાતીમાં

*(બકીયાહ પેજ નં. ૩ પર)*

**ઉદારતા, ઈલ્મ કરતા માલ આપવામાં ઝિયાદહ મુશ્કિલ છે.**

*(પેજ નં. ૨ નું બાકી)* ***મૌલાના ઈમામ તૈયેબ (અ.સ.) ....***
આપને ત્રણ ઈમામોની વિલાદતની ખુશી મયસ્સર થઈ. ચાર ઈમામોની આપે ખિદમત કીધી. એટલું જ નહીં પણ ઈમામ તૈયેબ (અ.સ.) ની પૈદાઈશની ખુશીમાં હઝારો દીનારનો સદકો કીધો. ઈમામ આમિર (અ.સ.) પોતાના મન્સૂસની વિલાદતની ખુશીને મુકમ્મલ કરે તે પહેલા મિસિરના સિયાસી હાલાત બદલાવવા લાગા. ફાતેમી સલતનત પર દુશ્મનોની નઝર લાગેલી હતી. યહાઁ મિસિરમાં ઈમામ આમિર ઘણી વક્ત સફરજન (ઉતરૂજ) પર ચાકૂ મારીને એમ ઈશારો કરતા કે, મારી શહાદત પણ આ જ મુજબ થાસે યાઅની કે મારા માથા ઉપર ઝખ્મ લાગશે અને એ જ હાલતમાં મારો જાન ફિરાક કરશે. આ તરફ યમનમાં જે વક્ત શરીફ બિન હૈદરા ઈમામ તરફથી સિજિલ્લ શરીફ-ઈમામી ફરમાન લઈને આવા તો સાથે એક બોસીદા-જૂનો રૂમાલ પણ હતો જે ઈમામે મૌ.હુર્રતુલ મલેકા વાસ્તે આપો હતો. ઘણી મુદ્દત બાદ શરીફ પાસે જે વક્ત મૌ.હુર્રતુલ મલેકા તે રૂમાલને જોઈ છે તો ખૂબ આહોઝારી કરે છે અને ઈમામ આમિર (અ.સ.) ની શહાદતનું યકીન થાય છે. આપ ઉપર એક ચીઝ વાઝેહ થઈ જાય છે કે, હવે ઈમામના ઈસ્તેતાર-પડદે થાવાનો વક્ત કરીબ છે અને આપ પર જ ઈમામના નાઈબને કાઈમ કરવાની ઝિમ્મેદારી છે. જે નાઈબ આલે ઈમામ તૈયેબ (અ.સ.) તરફ દાઅવતને ચલાવશે. ઈમામે આલે અત્હરની દાઅવતના આજે ૪૪ માં દરખશિંદા સિતારા, માહપારા, મુમેનીનના પ્યારા હુઝૂરેઆલી સૈયેદના તૈયેબ ઝિયાઉદ્દીન સાહેબ છે જે હમારે વાસ્તે **"તૈયેબુલ અસ્રે વલ હીન"** ઝમાનાની પાકીઝા હસ્તી છે અને ખૈરો ખૂબીથી આ તૈયેબી દાઅવતની નિગેહબાની ફરમાવી રહ્યા છે.

મૌ.હુર્રતુલ મલેકા જે વક્ત તે જૂના રૂમાલને જોઈને બેસાખ્તા રોઈ છે, તેને ચુમે છે, આંખોથી લગાવે છે તો સૈયેદના ઝોએબ, સૈયેદના અલ-ખત્તાબ અને બીજા હાઝિર હુદૂદ આ જોઈને તઅજ્જુબ કરવા લાગે છે અને અરઝ કરે છે કે, **"અય સૈયેદા મલિકા, રોવાનો શું સબબ છે ?"** આપ ઈરશાદ કરે છે કે, "આ પુરાનો રૂમાલ જે જર્જરિત થઈ ગયેલો છે તે એમ બતાવે છે કે, મિસિરમાં ફાતેમી સલતનત કમ્ઝોર થઈ ચુકી છે, દુશ્મનોના હાથે શિકાર થઈ ચુકી છે. હમારા મૌલા ઈમામ આમિર (અ.સ.) પર એક અઝીમ મુસીબતના વાદલો ઘેરાઈ રહ્યા છે. અય અસ્હાબ ! આપ મૌલાના ઈન્તેકાલના દિવસો નઝદીક આવી ગયા. શરીફ બિન હૈદરા જે દસ્તાવેઝો લાવેલા છે તેમાં આપે આપના શાહઝાદા ઈમામ તૈયેબ (અ.સ.) પર નસ ફરમાવી એનું બયાન છે અને એ હવે સતરમાં ચાલા જાશે તો એના નાઈબ તરીકે દાઈયુલ મુત્લકને કાઈમ કરવાનું ફરમાન છે."

**-::: ઈમામ આમિર (અ.સ.) ની શહાદત :::-**

મૌ.હુર્રતુલ મલેકાના આ બયાનથી હાઝિર હુદૂદમાં રોવાનો કોહરામ બરપા થઈ ગયો. થોડા દિવસ ન થયા કે મિસિરથી ખબર આવી કે, ફાતેમી ઈમામ આમિર (અ.સ.) પર ભર બાઝારમાં હુમ્લો થયો છે. મસ્જિદના એક ઉંચા મિનારા પરથી એક લઈન કૂદો. શું થયું છે તેની તફતીશ વાસ્તે ઈમામના પહેરેગીરો અને લોગો એ તરફ દોડા. આ મૌકાનો ફાયદો ઉઠાવીને એક બીજા મલઊને ઈમામે હક્કના માથા પર ચાકૂથી ઝખ્મ કીધો. તે બાદ સિપાહીઓ આપને ઈલાજ વાસ્તે મહેલમાં લઈ આવા જયાં સલતનતના માહિર અને કાબિલ હકીમો આપની શિફાયાબી વાસ્તે જુટી ગયા. પણ આપ ઈમામે ફરમાવું કે, **"મારો વક્ત હવે કરીબ છે. સૂરજ આથમવામાં છે. મિસિર પર અંધારૂં છવાઇ રહ્યું છે. અય લોગો! મારા બાદ મારી દાઅવતના આઅલા હુદૂદને કત્લ કરવામાં આવશે. ઘર અને ઘર બહારના હુમલાઓથી મિસિરની રોનક ફીકી પડી જાશે."**

તમામ હાઝેરીનને દરમિયાન મૌલાના ઈમામ આમિર (અ.સ.) એ આપના લખ્તેજિગર, નૂરે નઝર મૌલાના ઈમામ તૈયેબ (અ.સ.) પર નસ્સે જલી ફરમાવી અને ફાતેમી ઈમામતનો તાજ પહેરાવો. આપે ઝાહેરી ખિલાફત, હુકૂમત અને તખ્તોતાજની ઝિમ્મેદારી આપના કાકાજી મોહંમદના દિકરા અબ્દુલ મજીદને સિપૂર્દ કીધી અને હુકમ કીધો કે, અય અબ્દુલ મજીદ, તમેં મુનાસિબ વક્ત જોવ તો આ મારા દિકરાને તરફ અમાનત સોંપી દેજો અને એના નામથી તમેં હુકૂમત કરજો. મગર આ અબ્દુલ મજીદે થોડા જ

*(બકીયાહ પેજ નં. ૪ પર)*

**હર હાલતમાં પાકો સાફ રહેવું ઈમાનનો એક હિસ્સો છે.**

*(પેજ નં. ૩ નું બાકી)* **મૌલાના ઈમામ તૈયેબ (અ.સ.) ....** અરસામાં અમાનતમાં ખયાનત કીધી અને પહેલા તો ઈમામ તૈયેબ (અ.સ.) ને વફાદાર રહ્યો પણ પછી મૌકો જોતા પોતે ઈમામ હોવાનો દાઅવો કીધો અને પોતાને અલ-હાફિઝના લકબથી પહેચાન આપી અને તેની મૌત બાદ એની જગા ઉપર એનો દિકરો ઈસ્માઈલ કાઈમ થયો. તે બાદ બીજા બે જણા ઈસા અને અબ્દુલ્લાહ તખ્ત પર આવા પણ ૫૬૭ હિ.માં સલાહુદ્દીન અય્યૂબીએ મિસિર પર હમ્લો કીધો અને ઘણા મજીદીઓ કત્લ કરવામાં આવા અને મિસિર પર સલાહુદ્દીનનો કબ્ઝો થઈ ગયો.

**-::: ઈમામ તૈયેબ (અ.સ.) નો ઈસ્તેતાર :::-**

ઈમામ તૈયેબ (અ.સ.) ઉપર જે વક્ત નસ થઈ તો આપના બાવાજીએ એમના બાબુલ અબ્વાબ ઈબ્ને મદયનને બોલાવા અને ઈમામ તૈયેબ (અ.સ.) વાસ્તે કફીલ, હિજાબ અને મુસ્તૌદેઅ બનાવા અને કીધું કે, અય ઈબ્ને મદયન, તમેં મારા ઈન્તેકાલ બાદ કત્લ કીધા જાશો અને હુકમ કીધો કે, **"તમેં તમારા દામાદ અબુ અલીને ઇમામે હક્કની ફરમાઁબરદારી, ખિદમત અને હક્ક પર કુરબાન થાવાની વસીયત કરજો. તમારા દામાદ ઇમામ તૈયેબ (અ.સ.) સાથે મસ્તૂર થાશે."** આપ મૌલાના આ કલામ હક્ક હતા, સાચા પડા અને ઈબ્ને મદયનની શહાદત બાદ ઈમામ તૈયેબ (અ.સ.) સાથે ૫૨૮ હિ. માં સતરમાં જાનાર અબુ અલી જ હતા.

ઈમામ તૈયેબ (અ.સ.) સતરમાં ગયા પછી અબ્દુલ મજીદની શયતાનીયતના સબબ આ મજીદી ફિતના ફસાદના ચાલીસ વરસના અરસામાં મિસિરના અનેક ફાતેમી દોઆત-હોદાત શહીદ કરી દેવાયા. કંઈક આલીશાન ઈમારતો, યાદગાર નિશાનીઓ અને એહમીયત રાખતા દસ્તાવેઝોને બરબાદ કરી દેવાયા પણ અલ્લાહતઆલાએ ઈમામે આલે અત્હરને મેહફૂઝ રાખા, સતરમાં આપ ખુદાની ઈબાદતમાં મશગૂલ રહેતા, સાથે લોગોને હિદાયત આપતા **જેમ સૂરજ ગુરૂબ થઇને પણ ચાંદ-સિતારાઓને પોતાની રોશનીથી ચમકાવે છે.** આપ મૌલા સતરની કાલી રાતમાં પણ આપની બરકાતના નૂરથી યમનના તાબિંદા સિતારા મૌ.હુર્રતુલ મલેકા તથા દોઆતે કિરામ ને ફૈઝયાબ કરતા હતા.

**-::: દાઇએ મુત્લકના સિલસિલાની શુરૂઆત :::-**

મૌ.હુર્રતુલ મલેકા, ઈમામ આમિર (અ.સ.) ના બાદ ૬ વરસ હયાત રહ્યા. આ મુદ્દતમાં આપ આપના ખૂફીયા કાસિદો અને મદદગારોના ઝરીએ ઈમામ તૈયેબ (અ.સ.) ની હઝરતે આલીયાહમાં હદીયાઓ અરઝ કરતા હતા. વાજેબાત અદા કરતા હતા અને **ઇમામ તરફથી તેનો તેહરીરશુદા જવાબ આપને તરફ આવતો હતો.** અજબ આપનો દરજો છે. ઝુહૂરના ઝમાનામાં તો હતું જ પણ આ સતરના વકતમાં પણ આપ સૈયેદના ઝોએબ અને સૈયેદના ખત્તાબની યારી લઈને દાઅવતે તૈયેબાહ કાઈમ કરી રહ્યા છે. સઘલા અમીરો, સરદારો અને રાજવીઓ આપની આ હિમ્મત સામે મસ્તક ઝુકાવે છે અને દાઅવતે હાદીયાહની ખિદમતે બેમિસાલ વાસ્તે સલવાતો સલામ પઢે છે. જે વક્ત આપના ઈન્તેકાલનો વક્ત કરીબ થાય છે તો ૯૨ વરસની સિન્ને દરાઝમાં આપ સૈયેદના ઝોએબ બિન મૂસાને પહેલા દાઈયુલ મુત્લકના રૂત્બાના કાઈમ કરે છે અને તમામ હુદૂદને સૈયેદના ઝોએબની ઈતાઅત અને વલાયત રાખવાનું ફરમાન કરે છે. આપ ૨૨ શાઅબાન ૫૩૨ હિ.ના દિન ઝી જબલામાં ઈન્તેકાલ કરી જાય છે અને આ દિનથી દોઆતે મુત્લકીનનો સિલસિલો ઈમામુઝઝમાન (અ.સ.) ની તાઈદ અને ફૈઝના સબબ પહેલે યમનમાં અને તે બાદ ૯૭૪ હિ. થી હિન્દુસ્તાનમાં જારીયા-સારીયા, કાઈમાહ-દાઈમાહ છે. સલવાતુલ્લાહે અલયહિમ અજમઈન.

મુમેનીન હમેં તૈયેબીન અને તાહેરીન જમાઅત છીએ. અલ્લાહતઆલાએ હમને પાકીઝા ઈમામો જે હમારા રાહનુમા છે એમના ઝરીએ પાકો સાફ દીન બખ્શેલું છે. અલ્લાહતઆલાએ અહલે બૈતે રસૂલ (અ.સ.) ને એ આઅલા દરજો બખ્શેલો છે કે, એમના માંથી તમામ કુદૂરત-નાપાકીને લઇ લીધી છે. અહલુલ બૈતને પાકીઝગી ઈનાયત કરીને એમની તૈયેબો તાહેર નસલ-આલ માંથી હર ઝમાનમાં આ દાઅવતને બરકરાર રાખવા એક ઈમામનું હોવું ઝરૂરી છે. ઝમાનાના આ ઈમામ આજે હમારા વાસ્તે આલે ઈમામ તૈયેબ (અ.સ.) માંથી મૌજૂદ છે. **"તૈયેબ"**

*(બકીયાહ પેજ નં. ૫ પર)*

**સદકો કરવાની આદત બલા-આફતને દૂર કરે છે.**

*(પેજ નં. ૪ નું બાકી)* ***મૌલાના ઈમામ તૈયેબ (અ.સ.) ....*** ના અદદ ૨૧ થાય છે જે હમારા **૨૧માં ઇમામ** છે અને આપના દાઈ પણ **"તૈયેબ"** જે દાઈયુલ્લાહિલ અમીનની તારીખે વિલાદત પણ આપ ઈમામની તારીખે વિલાદત સાથે વાકેઅ થાય છે. **૪ થી રબીઉલ આખર ૧૩૫૧ હિ. ના દિન હુઝૂરેઆલી (ત.ઉ.શ.) ની વિલાદત બાસઆદત થઇ.** આ મુબારક યૌમે જમાઅતના મુમેનીન વાસ્તે ખુશહાલી અને શાદમાનીના બે અવસરનો સંગમ થાય છે. આ દુગની ખુશી-મર્સરતને પોતાની ખુશઈકબાલી સમઝી મુમેનીન કૈફો સુરૂર સાથે તહે દિલથી પોતાના આકા મૌલાને **મુબારકબાદી અરઝ કરે.** ★

**:: દર સિફ્તે મૌલાના ઈમામ તૈયેબ (અ.સ.) ::**

અય માલિકે મિમ્બર, અય મસ્નૂલે મેહરાબ,
અય તૈયેબ, ઈમામત કે અય આફતાબ.
વિલાદત કા દિન યે સઆદત કા દિન હૈ,
હૈ મસરૂર હર તિફલ ઔર શૈખો શાબ.
હો અશહાદ કે સાતવેં તુમ ઈમામ,
તુમ્હે રબને બખ્શા હૈ ફસલુલ ખિતાબ.
અય વારિસે આલે મોહંમદ તુમ્હી હો,
ઉતારી જો રબને ફલક સે કિતાબ.
દિખા દો હમેં જલ્વા તૈયેબ ઈમામ,
કહાઁ તક રખોગે અય મૌલા હિજાબ.
હૈ મુશ્તાક દીદાર કે મુમેનીં,
બહુત હો ગયા તૂલ અબ ઈજતેનાબ.
મુબારક, મોહન્ના યે મીલાદ કા દિન,
અય નાઈબે તૈયેબ, અય આલી જનાબ.
ઈમામુઝ્ઝમાં હૈ મદીના તો દાઈ,
હૈ તૈયેબ ઝિયા તો મદીને કે બાબ.
તલબ હૈ હમારી ઔર સબ અહલે દીં કી,
ઝુહૂરે ઈમામુઝ્ઝમાં **હો શિતાબ.** ★

મૌલાના ઈમામ તૈયેબ (અ.સ.) ની ઈમામતની સચ્ચાઇ અને હક્કાનીયત વાસ્તે તેમજ આપ મૌલાની વિલાદત અને સતર-પડદામાં જાવાને લગતા અલગ-અલગ વાકેઆત અને હાલાતની ઝિક્ર દાઅવતે હાદીયાહની જે જે મશ્હૂર કિતાબોમાં આવેલી છે તેની ફેહરિસ્ત નીચે મુજબ છે :

(૧) રિસાલા અકીદતુલ મોવહહેદીન
(૨) રિસાલતુલ વહીદા વ તસ્બીતો અરકાનિલ અકીદા
(૩) ઉયૂનુલ અખ્બાર
(૪) નુઝહતુલ અફકાર વ રૌઝતુલ અખ્બાર
(૫) તારીખે વિલાદતે મૌલાના ઈમામ તૈયેબ (અ.સ.)
(૬) કિતાબુલ અઝહાર
(૭) મજમૂઉત્તરબીયાહ
(૮) રિસાલા તોહફતુલ મુરતાદ વ ગુસ્સતુલ અઝદાદ
(૯) રિસાલા મૌસૂમા બેઆહયાએ મરાસિમિદ્દીન ફી ઈસ્બાતિલ ઈમામા મૌલાના ઈમામ તૈયેબ (અ.સ.)
(૧૦) રિસાલા મૌસૂમા બેલમઈલ અન્વારે વ નબઝિલ અસ્રાર
(૧૧) કિતાબુલ અન્વારિલ લતીફા
(૧૨) કિતાબુલ ઝખીરા
(૧૩) કન્ઝુલ વલદ
(૧૪) અશ-શુમૂસુઝ ઝાહેરા
(૧૫) ગાયતુલ કસાઈફ વલ લતાઈફ
(૧૬) ગાયતુલ મવાલીદ
(૧૭) મજમૂઉલ હકાઇક

આ સિવાય પણ ઘણી કિતાબોમાં મુખ્તસર તૌર પર બયાનો આવેલા છે જે ખાસ કરીને ઈમામ તૈયેબ (અ.સ.) ના ઈસ્તેતાર બાદ દોઆતે મુત્લકીન અને હુદૂદોએ તેહરીર ફરમાવેલા છે. ★

**જે શખ્સ વધારે પડતી વાતો કરે તો તેનાથી ભૂલચૂક વધારે થાય અને શરમ ઓછી થાય. જેની શરમ કમ થાય તો તેનો ઝોહદ કમ થાય. ઝોહદ કમ થાય તો તેનું દિલ મરી જાય અને જેનું દિલ મરી જાય તો તે જહન્નમમાં પહોંચી જાય.**

**-::: ઝાહેર ખબર :::-**

સકીના એ રંગવાલા : અમારે ત્યાં DXN કંપનીની વસ્તુઓ જેવી કે ફેશીયલ ક્રીમ, કોકોઝી, ગેનોઝી સોપ, કોસ્મેટીકને લગતી તમામ ચીઝો મિલશે. મોબાઈલ : ૯૮૯૮૩ ૮૨૯૭૨ એડ્રેસ : બદરી મોહલ્લા, વાડી, દેવડી મુબારક સામે, વડોદરા. ★

***************************

**Badruddin Sir's**
**BRIGHT BRAINS TUTORIALS**
Batches for Std. X (Eng.) Starting from 18th April 2008.
For Instant Enrollment Contact :
**9898343324**
C/o. Vohra Classes, Opp. Ali Chambers II, Sardar School Lane, Ajwa Road, Vodadara. ★

**સબર તમારા અમલને પાકો સાફ બનાવે છે.**

## -::: તસ્હીલુન નિસ્બત :::-
### નિસ્બતને સહેલ કરવાની તદબીર

નિસ્બત કરવી યા માંગુ નાખવું યા શરબત પીવા યા કવર આપવું યા એન્ગેજમેન્ટ કરવા, આવા લફઝો આજના વાલેદૈનને પરેશાનીમાં નાંખી દે છે. કોઈની દીકરી લાવવી યા પોતાની દીકરી આપવી એક મુશ્કિલ કામ થઈ પડું છે. નિસ્બતની ઉંમર પર પહોંચેલી ઔલાદનો જો વક્ત સર રિશ્તો ન થાય તો વાલેદૈનની રાહત-સુકૂન છીનવાઈ જાય છે. જલ્દી રિશ્તા ન થાવાનો યા ન કરવાનો સડો સમાજમાં આજે પેસેલો છે તેના મુખ્ય મુજરિમ, વધારે પડતી ઉમ્મીદો - High expectation અને ઉંચો તાઅલીમી સ્તર - High Educational Qualification છે. મુમેનીનને નિસ્બત-રિશ્તો કરવામાં આસાની કેમ થાય તે વાસ્તે સાહબે દાઅવત અને જમાઅતના ચંદ ખૈરખ્વાહ સાહબો ખૂબ તદબીર કરી રહ્યા છે.

રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) એ ફરમાવું કે, **"તમેં એવા બૈરો સાથે નિકાહ ન કરો કે જેમાં ઇમાનની કોઇ નિશાની ન હોય. મગર તમારા ઘરમાં જો કોઇ ઇમાનદાર ખાદેમા-નોકરાની પણ હોય ને તો, એ ખાદેમા નિકાહ કરવા વાસ્તે પેલા ગૈર ઇમાનદાર બૈરો કરતા અફઝલ છે."** દીકરી જવાનીની ડગર પર કદમ મુકે તો વાલેદૈનની પહેલામાં પહેલી ફિકર તેના રિશ્તાની અને બેહતર નિસ્બતની હોવી જોઈએ. Education અને Career ના બહાને આજે વાલેદૈન અવ્વલ રિશ્તાને હુકરાવી દે છે, દીકરી ૨૦-૨૨ વરસની ઉંમરને પાર કરી જાય છે અને જયારે વાલેદૈન ગફલતની ઊંઘથી જાગે છે ત્યાં સુધી ઘણી દેર થઈ ચુકી હોય છે. બાઝ માઁ-બાપ આજે દીકરીનો રિશ્તો કરતા પહેલા દીકરાની દૌલત અને આરામના સામાન તરફ નઝર કરે છે, જે સરાસર બેવકૂફી છે. કોઈનો વક્ત એક રહ્યો નથી. હાઁ, એટલું ઝરૂર જોઈ કે દીકરો ખાધે-પીધે સુખી છે, પોતે કામકાજ પર લાગેલો છે, દીનદાર-ઈમાનદાર છે. બસ એટલું કાફી છે, જેટલી વધારે ઉમ્મીદો એટલી વધારે તકલીફ.

"અલ-હાદી" અખ્બાર જે મુમેનીનની ચાર સાલથી ઈલ્મી ખિદમત અંજામ આપી રહ્યું છે, તે હુઝૂરેઆલી (ત.ઉ.શ.) ના સાલગિરાહના મુબારક અય્યામમાં મુમેનીન વાસ્તે નિસ્બત કરવાના સિલસિલામાં ખિદમત કરવા ચાહે છે. તે એ તરહથી કે, જે અરઝદાર પોતાના દીકરા યા દીકરી વાસ્તે નિસ્બત કરવાની અરઝ કરવા માંગતા હોય તે **પોતાની ઔલાદનું નામ, ઉંમર, કેટલું ભણેલા છે, ક્યાં નોકરી કે ધંધો કરે છે અને ખુદનો ફોન નંબર અલ-હાદીના એડ્રેસ પર પોસ્ટ, e-mail યા રૂબરૂ આવી આપી જાય. આ સાથે એ પણ જણાવવાનું રહેશે કે તેમની કઇ તરહના દીકરા / દીકરી સાથે નિસ્બત કરવામાં દિલચસ્પી છે.** હમેં અરઝદારનું નામ ઝાહિર કરીશું નહીં. હવે જે મુમેનીનને અરઝદારની વિગત બરાબર લાગશે તે યા તો પોતે અરઝદારના ફોન પર કોન્ટેકટ કરશે યા "અલ-હાદી" ના ૦૨૬૫-૨૫૮૦૨૭૭ ફોન નંબર પર બપોરે ૩:૩૦ થી ૪:૩૦ તક અરઝદારની શનાખ્ત જાણી શકશે.

મુમેનીનથી હમારી ગુઝારિશ છે કે, હમારી આ નાચીઝ કોશિશથી પૂરો ફાયદો લે અને મહીનાની ૧૦ તારીખ પહેલા પોતાની અરઝને મોકલી આપે. ★

## -::: ત્રણ ચીઝો :::-

રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) એ ફરમાવું કે, ત્રણ ચીઝો બંદાના નૂરને બુઝાવી દે છે :

(૧) જે શખ્સ પોતાના બાવાજીના મોહિબ્બો, દોસ્તો, હમનશીનો, હમરાહો અને કરાબતદારો સાથે રિશ્તો તોડી નાખે. જે લોગો સાથે બાવાજી મોહબ્બતનો રાબેતો કાઈમ કરી ગયા હોય તેને કત્અ કરી નાંખે.

(૨) જે શખ્સ પોતાના સફેદ બાલને ખિઝાબ કરે યાઅની કલર કરે યા બુઢાપાને ઢાંપવા વાસ્તે બાલની સફેદીને રંગી નાંખે.

(૩) જે શખ્સ બીજાના મકાનમાં છુપી રીતે ઝાંકે, ગૈર તરીકાથી દરવાઝા પર કાન દઈ બીજાના ઘરમાં થઈ રહેલી ખાનગી વાતોને સાંભલે યા તે ઘરવાલાઓની જાસૂસી કરીને ખબર કાઢે.

જે શખ્સ આ મુજબ અમલ કરશે તો અલ્લાહતઆલા કયામતના દિન એને બદસૂરત અને ખરાબ ચહેરાવાલો ઉઠાડશે. ★

**જો દોસ્ત ચાહો તો કુરઆન કાફી છે અને કામ ચાહો તો ઈબાદત કાફી છે.**

## જમાઅતમાં પહેલી હોમીયોપેથીક ક્લીનીક –:: " જેન્ટલ ક્યોર " નું ઈફતેતાહ ::–

દાઅવતે અલવીયાહ અને જમાઅતના મુમેનીન વાસ્તે એક ઝર્રીન, યાદગાર અને કાબિલે ફખ્ર મૌકો હતો જે વકત હુઝૂરેઆલી સૈયેદના સાહબ (ત.ઉ.શ.) એ પોતાના દસ્તે મયમૂનથી દાઅવતના હુદૂદ, ઝાકિરાન, ખિદમત ગુઝારો, મિસિલના સાહબોની હાઝરીમાં આપ મૌલાની રેહાઈશગાહ **"દારૂસ્સલામ"** ને નઝદીક ૧૦ રબીઉલ અવ્વલ ૧૪૨૯- ૧૬/૩/ ૨૦૦૮, રવિવારના દિન ફજેરે ૧૦:૦૦ વાગે હોમીયોપેથીક કલીનીકનું ઈફતેતાહ ફરમાવું. આ કલીનીકમાં આપ મૌલાના સૌથી સગીર શાહઝાદા ડૉ. ઝુલકરનૈન ભાઈસાહેબ હકીમુદ્દીન (ઝા.ઈ.) ખિદમત અંજામ આપશે જે કલીનીકને આપ મૌલાએ **"જેન્ટલ ક્યોર"** નું ખૈર નામ ઈનાયત ફરમાવેલું છે. શાહઝાદા સાહેબે બચ્ચાઓને લગતા અમ્રાઝ-રોગોમાં MD કીધેલું છે અને હોમીયોપેથી તરીકાથી તેમાં શિફાયાબી વાસ્તે મહારત હાસિલ કીધેલી છે.

સેહત, એ હઝાર નેઅમત કરતા બહેતર છે. મગર ઈન્સાનની તખ્લીક એ મુજબ છે કે, બીમાર થાવું એની તબીઅતમાં છે અને શિફા બખ્શવી અલ્લાહના હાથમાં છે. હુઝૂરેઆલી (ત.ઉ.શ.) એ શાહઝાદા સાહબને અમર ફરમાવો કે, **"તમેં શિફાને વાસ્તે જમાઅતના મુમેનીનની દિલો જાનથી ખિદમત કરો અને જે મુમેનીન બીમાર હોય અને તમારે નઝદીક ઉમ્મીદ લઇને આવે તેને હર લેહાઝથી મદદ કરીને શિફા વાસ્તે હર મુમ્કિન કોશિશ કરો."** ખુદ શાહઝાદા સાહબ ચાહે છે કે, પોતાને પાસે અલ્લાહના ફઝલો કરમથી અને બાવાજી સાહેબની દોઆથી MD ની જે ડીગ્રી છે તેના સબબ મુમેનીન ઝિયાદહથી ઝિયાદહ ફૈઝ હાસિલ કરે. શાહઝાદા સાહબ એમ ઉમ્મીદ રાખે છે કે, દાઅવતે હાદીયાહના એક રૂકન હોવાને સાથે અલ્લાહતઆલાએ હોમીયોપેથીમાં જે આ હુશિયારી અને શિફાના સરંજામથી મને નવાઝેલો છે તેને હિદાયતને સાથે મુમેનીનની ખૈરખ્વાહી અને સહી ઈલાજ-મુઆલેજા વાસ્તે કઇ તરહ બહેતરીન તરીકો ઈખ્તેયાર કરવો એ જ આ ખાકસારની ખ્વાહિશ અને તદબીર રહેશે. ડૉ. સાહેબને કોઈ પણ મરઝની પૂછપરછ વાસ્તે મુમેનીનને મુલાકાત જોઈતી હોય તો બિલા-તહાશા નીચે આપેલા મોબાઈલ નંબર પર ફોન કરી એપોઈન્ટમેંટ લઈ શકે છે.

આ કલીનીકમાં જ શાહઝાદા સાહેબના અહલીયાહ કે જેમને સાયકોલોજીમાં MA ની ડીગ્રી હાસિલ કીધેલી, તે સાયકોલોજીકલ કાઉન્સેલીંગની ખિદમત અંજામ આપશે જેના માતહત દિમાગી તનાવ, ઝહેની તકલીફો યા નફસાની મરઝોનો ઈલાજ થઈ શકે છે. આ કલીનીકના ઈફતેતાહ બાદ હુઝૂરેઆલી સૈયેદના સાહબે (ત.ઉ.શ.) એમ ઈઝહારે ખયાલ કીધો કે, ઈન્શાઅલ્લાહ અનકરીબ બદરી મોહલ્લાને નઝદીક શહેરમાં પણ એક બીજી કલીનીકનો એહતેમામ થાશે જેના સબબ મુમેનીન વધારેમાં વધારે તેનાથી ઈફતેફાદો હાસિલ કરી શકશે.

મોબાઈલ :- ૯૯૨૫૮૪૪૫૯૯

કલીનીકનો ફોન નંબર :- ૬૫૪૯૧૩૨ ★

હુલ્હન બનકર દોઆ દાઈ કી જબ યૂઁ જગમગાએગી,
તુફૈલે પંજતન તેહરીકે નૌ તબ રાસ આએગી,
હરએક મુમિન યહાઁ દિલસે ઉઠાકર હાથ કહેતા હૈ,
**"હકીમુદ્દીન"** કી હિકમત યહાઁ પર રંગ લાએગી.
ખુદા કરે કે સલામત રહે યે પૈમાના,
મરીઝ કે લિયે સેહત કા હો શિફાખાના,
દવા કે સાથ મોહબ્બત કા **"ડોઝ"** મિલતા રહે,
ચરાગ કી તરહ રૌશન રહે યે મીનારા. ★

### –::: શિફા – દોઆ અને દવા :::–

શિફા અગર ચાહીયે મોહિબ્બો, વઝીફા યે સુબ્હોશામ કીજે,
**"વએઝા મરિઝતો ફહોવા યશફીન"** યે તસ્બીહ બસ સુબ્હોશામ કીજે.
દવા મેં કુછ તો અસર હૈ યિન્દાઁ, દોઆ કી લેકિન એક એહમીયત હૈ,
દોઆતોં કા બસ વસીલા લેકર, અલીએ આઅલા કા નામ લીજે.
મરઝ હૈ લાહિક ઈલાજ કીજે, દવા કે કુછ તલખ જામ પીજે,
**"હકીમે દીં"** કા હુકુમ તો માને, તબીબ કા એહતેરામ કીજે.
અનોખા **"જેન્ટલ ક્યોર"** બનાકે, કરમ યે હમ પર કિયા હૈ તુમને,
મસીહે ઉમ્મત ઝિયાઉદ્દીં કો, યે સર ઝુકા કર સલામ કીજે.
હુવા યે કલીનીક કા ઈફતેતાહ જો, યહાઁ પે હોગા ઈલાજ પુખ્તા,
કહા યે ચારાગરોં સે શેહને, ઈલાજે ખ્વાસો અવામ કીજે.
કહો મરીઝોને જિસ્મો જાઁ સે, શિફા કા દર શેહને વા કિયા હૈ,
બનામ શુકરાના જાન અપની, ફિદાએ ખૈરૂલ અનામ કીજે. ★

**વકતને સાચવીને વાપરો કેમકે તે નેકીનું ખેતર છે.**

# -::: લફઝી કશ-મ-કશ :::-

કારેઈન વાસ્તે આ "લફઝી કશ-મ-કશ" ની સિરિઝ દોબારહ શુરૂ કરવામાં આવે છે. જેમાં ચંદ સવાલાત આપેલા છે અને તેના જવાબ મુતાબિક ખાના મુકેલા છે. આ ખાનાઓમાં જે જગા સર્કલ દોરેલું છે તે હુરૂફનો ઈસ્તેમાલ કરી નીચે આપેલા "ફાઈનલ સવાલ" નો જવાબ તલાશ કરવાનો રહેશે.

બધા જવાબોને સિલસિલાવાર લખી પોસ્ટ કાર્ડ યા E-mail યા રૂબરૂ આવી હમારા એડ્રેસ પર આ મહીનાની ૨૦ તારીખ પહેલા મોકલી આપવા ગુઝારિશ છે. કારેઈનમાંથી જેના જવાબો સહી હશે તેમનો ડ્રો કરવામાં આવશે અને તેમાંથી જેનું નામ નીકલશે તે ખુશકિસ્મત નામને હમેં સાચા જવાબો સાથે આવતા શુમારામાં ઝાહિર કરીશું. જવાબ આપનાર પર લાઝિમ છે કે, તે પોતાનું નામ, એડ્રેસ અને ફોન નં. ઝરૂરથી લખી મોકલે.

તો, તૈયાર થઈ જાવ, દિમાગને કસો, કલમને પકડો અને તમારા કિસ્મતના ઘોડાને તેઝ કરો :

**સવાલો :**

(૧) "અય અલ્લાહતઆલા! તું હમને સીધા રસ્તાની હિદાયત આપ." આમાં "સીધા" ને અરબીમાં શું કહેવાય?

◯ □ ◯ □ □

(૨) કરબલાના મૈદાનમાં ઈમામ અલી ઝૈનુલ આબેદીન (અ.સ.) ના ૪ સાલના કયા દીકરા શહાદતે ઈમામ હુસૈન (અ.સ.) ના વક્ત પર મૌજૂદ હતા ?

□ □ ◯

(૩) ઝુલ્મ, તશદ્દુદ, જબર.

◯ □ □

(૪) કુરઆને કરીમની તે સૂરત જેમાં એક જ આયત ૩૧ વાર આવેલી છે ?

□ □ □ ◯

(૫) શું ચીઝ ઈમાનનું માથું છે ?

◯ □ □

**ફાઈનલ સવાલ :**

✰ કયા ઈમામે આલે મોહંમદ (અ.સ.) ની ઈમામતની મુદ્દત તમામ ઈમામો કરતા લંબી છે ?

□ □ □ □ □ □ ★

➡ **મગજનો મુરબ્બો : ગયા શુમારાનો ખુલાસો :**

| | | | | | |
|---|---|---|---|---|---|
| હા | શિ | મ | | ખ | મ |
| રૂ | ક | ન | | તા | હા |
| ન | મ | ક | | | ર |
| | | બ | ર | ક | ત |
| વ | ફા | ત | | દી | |
| બા | ની | | ઈ | ર | મ |

તકરીબના સહી જવાબો આપનાર :

**હાશિમઅલી યૂનુસઅલી નડીયાદવાલા** ★

**તારા ભાઈને મદદ કર,**
**પછી એ ઝાલિમ હોય યા મઝલૂમ.**

# -::: અઝીઝો દવા છે જિહાલતની ઈલ્મ, હુસ્નુસ સવાલ નિસ્ફુલ ઈલ્મ :::- આકેલાના સવાલ અડધું ઈલ્મ છે.

"અલ-હાદી" ના ગયા મહીનાના શુમારામાં જે મઝામીન (લેખો) આપવામાં આવા હતા તેમાંથી ૫ સવાલાત નીચે આપેલા છે. કારેઈનથી ઈરશાદ છે કે, આ સવાલોના જવાબો પોસ્ટ કાર્ડ પર લખી યા e-mail કરી યા રૂબરૂ આવી નીચે આપેલા હમારા એડ્રેસ પર આ મહીનાની ૨૦ મી તારીખ પહેલા મોકલી આપે. જવાબો સાથે પોતાનું નામ, સરનામું અને ફોન (હોય તો) સાફ સુથરા હુરૂફમાં લખે. ૨૦ મી તારીખે હમેં તમામ જવાબ આપનારમાંથી તેનો જ ઈન્તેખાબ કરીશું જેના **કમમાં કમ ૪ જવાબો** સાચા હશે. તે બાદ ડ્રો થાશે અને જે ખુશકિસ્મત નું નામ તેમાં નીકલશે તેનું નામ હમેં ઈન્શાઅલ્લાહ "અલ-હાદી" ના આવતા મહીનાના શુમારામાં સહીહ જવાબો સાથે ઝાહિર કરીશું.

તો બિસ્મિલ્લાહ બોલો, કલમ ઉઠાવો, યકીન સાથે જલ્દીથી જવાબો લખી મોકલી આપો :

(૧) કયો શખ્સ મૌલાના અલી (અ.સ.) સાથે જન્નતમાં નહીં હોય ?
(૨) અલ્લાહતઆલાએ મુમિનની કઈ ચીઝને હરામ કીધેલી છે ?
(૩) સૈયેદના અબદુલ્લાહ ફખરૂદ્દીન બિન અલી (ક.રૂ.) સાહબ પર કયા દાઈએ નસ ફરમાવી છે ?
(૪) મુમિનના ચહેરાની કઈ ચીઝ સાથે સરખામણી થઈ છે ?
(૫) કયા શખ્સની ઈબાદત બારગાહે ઈલાહીમાં મકબૂલ નથી ? ★

**નૈક સીરત અલ્લાહની ઉમદા દૈન છે.**

## હિકમતના લોગો વાસ્તે
## -::: " હકીમસાબ " ના નુસ્ખા :::-

- ✶ જે વક્ત બચ્ચાને વારંવાર Infection થાય તો તેને CARCINOSIN 1M નો એક ડોઝ સવારે જમતા પહેલા આપવો.
- ✶ બચ્ચાને દાંત આવતા હોય તો પેટની ઘણી તકલીફ થતી હોય છે. આ તકલીફો ન થાય તે વાસ્તે બચ્ચાને Calc. Phos. 6x, Chamomilla 30, Kreosote 30 દિવસમાં ત્રણ વાર એક અઠવાડીયા વાસ્તે આપવી.
- ✶ જલ્દી વધતા બચ્ચાઓના જિસ્મમાં ચુસ્તી, સ્ફૂર્તી અને તાકત બની રહે તે વાસ્તે Ferrum Phos. 12x એક દિવસમાં બે-બે ગોલી સવાર-સાંજ ૧૫ દિવસ વાસ્તે આપવી.
- ✶ દૂધ પીવાથી બચ્ચાને થતો અપચો અને Diarrhoea ન થાય તે વાસ્તે Nat. Carb 30 દિવસમાં ત્રણ વક્ત એક અઠવાડીયા વાસ્તે આપવી.
- ✶ બધી ટોનીકો આપા પછી પણ જો બચ્ચું બરાબર ખોરાક ન લે તો તેને Calc. Phos. 12x એક દિવસમાં સવાર-સાંજ બે-બે ગોલી ૧૫ દિવસ વાસ્તે આપવી.
- ✶ મુસાફરી દરમિયાન બચ્ચાને થતી તકલીફો જેમકે ચક્કર, ઉલટી અને અણગમાને દૂર કરવા વાસ્તે સફરને એક દિવસ પહેલા એક ડોઝ રાતે જમા પહેલા Nux Vomica 30 આપવી. જો મુસાફરી દરમિયાન આમાંથી કોઇ તકલીફ થાય તો Cocculus Ind. 30 નો એક ડોઝ આપવો.
- ✶ ગરમીની મૌસમમાં બચ્ચાઓને વારંવાર થતા ઝાડા-ઉલટીને લીધે જિસ્મમાં કમઝોરી આવી જાય છે. જેને દૂર કરવા વાસ્તે China off 30 એક દિવસમાં સવાર-સાંજ એમ બે ડોઝ ૧૫ દિવસ વાસ્તે આપવો.

જો ઉપર જણાવેલી તકલીફોમાં દવાઓ લેવા બાદ પણ કોઇ ફરક ન થાય તો બચ્ચાની પૂરી જાઁચ અને તફસીલવાર કેસ લેવો બિલકુલ ઝરૂરી બની જાય છે. આ સિવાય મુમેનીનને કોઇ પણ સલાહ, સવાલ યા બીજી તકલીફો હોય તો ૯૯૨૫૮ ૪૪૫૯૯ ના ફોન નંબર પર એપોઇન્ટમેન્ટ લઇ ડૉક્ટરને કન્સલ્ટ કરી શકે છે.

ઉપર જણાવેલી દવાઓ હોમીયોપેથી ફાર્મસી માંથી હાસિલ થઇ શકે છે. એક ડોઝનો મતલબ ૪ ગોલીઓનો થાય છે જેને ડબ્બીના ઢાંકણમાં લઇને જ ખાવી જોઇએ. ડોઝ લેતા પહેલા અને પછી દસ મિનિટ તક કોઇ પણ ખાવા-પીવાની ચીઝ લે નહીં. ★

## માઝૂનુદ્દાઅવતની પુરલુત્ફ આવાઝમાં
## -:: કુરઆને કરીમની તિલાવત ::-

ગુઝિશ્તા રજબુલ મુરજ્જબ ૧૪૨૮ હિ. માં અમીરૂલ મુમેનીન મૌલાના અલી (અ.સ.) ની સિફતો સનાના કસાઇદને તેમજ આપની શાનાત-ફઝાઇલના કલામને દાઅવતના ઝાકિરાને અહલુલ બૈત (અ.સ.) એ અલ-હાદી ના ઇદારાને માતહત CD અને Cassette ની શિકલમાં તરતીબ આપા હતા જે મુમેનીનને દરમિયાન બેહદ મકબૂલ થયા હતા.

હુઝૂરેઆલી (ત.ઉ.શ.) ના મીલાદના મૌકા પર હમેં માઝૂનુદ્દાઅવત સૈયેદી હાતિમ ઝકીયુદ્દીન સાહબ (દા.મ.) ની શીરીન ઝબાનમાં કુરઆને કરીમની સૂરતોની તિલાવત લિસાનુદ્દાઅવતમાં તરજુમા સાથે પૈશ કરીએ છીએ. **હમારો ઐન મકસદ એ જ છે કે, હરરોઝ મુમેનીનના ઘરોમાં ફજરની નમાઝ બાદ કુરઆને કરીમની તિલાવત થાય અને એની બરકતથી અલ્લાહતઆલા પૂરા દિનમાં મુમેનીનને નેક તૌફીક અતા કરે અને હર અમલ ખૈર તરીકાથી તમામ થાય.** આ નાયાબ ચીઝ હાલમાં હમેં ફક્ત કેસેટની શિકલમાં બનાવેલી છે. જેના એક સેટમાં બે કેસેટ આવશે અને એનો હદીયો રૂા. ૭૫/- રાખવામાં આવો છે. હસ્બે ઝરૂરત મુમેનીનને અગર તિલાવતની CD જોઇતી હોય તો તેઓ પોતાનું નામ નીચે ઝિક્ર થયેલા હમારા ખુદ્દામ પાસે લખાવી શકે છે. મુમેનીન તિલાવતે કુરઆનના સેટને અલ-હાદીના ખુદ્દામ મુલ્લા ઇબ્રાહીમ બરોડાવાલા યા અલીભાઇ ઉદાવાલાથી હાસિલ કરી શકશે.

ફોન : ૯૯૦૪૨૨૧૦૯૦, ૯૩૭૭૩૫૮૨૯૭ ★

**મૌલાના અલી (અ.સ.) ફરમાવે છે કે, આ જે હું કહું છું તે ખૂબ જ ખાતરીથી કહું છું, ખુદાતઆલા તેનો શાહિદ છે અને સરવરે કાએનાત (સ.અ.વ.વ.) ની ઝબાન મુબારકથી જારી થયેલી છે કે, અય અલી ! મુમિન હરગિઝ તમારી અદાવત નહીં કરે અને મુનાફિક હરગિઝ આપનો દોસ્ત નહીં બને.**

**મઆફી એ મોહબ્બતનું બીજ છે.**

# –::: Our Shining Stars :::–

**B**y the Karam and Rehmat of Allaah, the divine saaya-e-hidaayat of **Imaam uz-Zamaan (as)** and the Du'a mubaarak of **Huzoor-e-'Aali (tus),** we – the mohibbaan and aashiqaan of **Ahlul Bayt (as)** have been showered with the choicest blessings of Allaah in the form of the ***wealth of Educational, Entrepreneur and Professional skills.*** On the occasion of Urs mubaarak of Saiyedna Nooruddin Saheb (aq) in Surat in 1429 AH, Huzoor-e-'Aali (tus) addressed to the mumineen and said that our young brains are gradually shifting their future pursuits from their family business to the higher education and high profile jobs in India and Abroad. It is not uncommon to find a son or daughter opting for their future prospects in Abroad in every house. Parental encouragement and familial support have injected a **new spirit** in them to fly off to distant places for higher education or jobs all over the globe. Owing to their **loyalty and sincerity**, some of our mumineen have succeeded in getting high profile jobs in some famous companies, firms and institutes.

**V**ery often, the **Alavi Shabaab (youth)** succeed in their academics or career with the flying colors. Owing to lack of any common medium, their achievements and accolades are not highlighted in our Jamaa'at so that they get encouragement and simultaneously they could set an example for others. But with the grace of Allaah, since last 5 years we have launched our website which has served a medium of communication for all of us in India and Abroad. By the ***farmaan of Saiyedna saheb (tus)***, we want to highlight the academic and professional qualifications as well as some special outstanding performance of our mumineen here and in the monthly **"Al-Haadi"** Newsletter under this banner of **"Our Shining Stars".** Our best wishes and Du'a of success for our stars and their achievement would sure make us feel proud.

**E**ntries of the students who excel in their school or college exams will also be accepted in this option. Insha-allaah with the **co-operation and feedback** of the mumineen, our efforts in this direction will see the light of the day. We request to the mumineen to post their entries with the following requirements as early as possible, either by sending **e-mail** or personally submitting the details.

**O**ur email address is : **feedback@alavibohra.org.**

**Requirements:**

1. A passport-size color photo or an image file in **".jpg"** format with **"Nooraani libaas"** i.e. topi/ridaa.
2. A xerox copy or scanned copy (.jpg) of the certificate or result card or any such documentary proof.
3. Postal address with phone no. or e-mail.

***Each posted entry or the details will be scrutinized by our team whose decision of publishing the details of a candidate will be regarded as final.***

# –::: Shining Stars :::–



on 30/12/2007 ***Hasnain Sirajuddin Lokhandwala*** he has been conferred with the recognition of **"Tally Certified Professional"** (Tally Financial Accounting Certification) at Bangalore. He stood first in the west zone with Grade **"A+"** and he has been awarded the cheque of Rs. 50,000/-.

***email : hasnain276@yahoo.co.in***



***Fatema Idrees Bhaisaheb*** has secured **1st** rank in Gujarat in **"International Informatics Olympiad 2007"** organized by Computer Literacy Foundation, New Delhi. She is a student of Class 2nd, Zenith High School.

***ph. no. : 0265-2582590***



***Zulqarnain Mohammadali Kanjariwala*** working with IDBI Intech Ltd, Belapur, has secured the **1st** rank in the Major Projects category by designing **"National Electronic Fund Transfer"** program. He got the prize in the Annual Function of Indian Banking Association.

***email : zulkernain.kanjariwala@gmail.com***

**ઈલ્મનો સદકો એ બીજાને તાઅલીમ આપવું છે.**

## -::: ગુલદસ્તએ અશઆરે તેહનીયત દર હઝરતે તૈયેબીયાહ :::-

તું હી મિશ્કાતે દાઅવત મેં હૈ વો મિસ્બાહે નૂરાની,
કે જિસ સે સિલસિલા હૈ હર ઘડી નૂરે ઈમામત કા.
જહાઁ મેં સિર્ફ "મૌલાના ઝિયા" કી ઝાત અત્હર હૈ,
હૈ શીરાઝા મુનઝઝમ અહલે ઈમાઁ કી જમાઅત કા.
રૂખે આફાત ફિર જાતા હૈ હર મુમિન સે ઈક પલ મેં,
હો જિસ્કી સિમ્ત રૂખ "તૈયેબ ઝિયા" શેહ કી ઈનાયત કા.
તુઝે તાઈદ રબ્બુલ અસ્ર સે હર વક્ત મિલતી હૈ,
તુઝે તકીયા સદા રહેતા હૈ "તૈયેબ" કી જેનાબત કા.
તુઝે આકા મુબારક હો તેરા યે યૌમે પૈદાઈશ,
બંધા હૈ અહલે ઈમાઁ મેં સમા જિસકી મસર્રત કા.
રખે "તૈયેબ ઝિયા" કો રબ હમેશા શાદ ઔર ફરહાઁ,
રહે કૌકબ ચમકતા દાઅવતુલ હક્ક કી કિયાદત કા.
ખુદા રખ્ખે તુઝે ઔર તેરે કુમ્બે કો સદા ફરહાઁ,
યે ઝાકિર કી દોઆ હૈ જો હૈ તાલિબ તેરી નુસરત કા.

દિલી દોઆના આ તૈયેબી કલામ સાથે હમેં આપ મૌલા ઝિયાઉલ અસ્ર વ તૈયેબુન નસ્રના હક્કે જલીલમાં ઉમ્મીદવાર છે કે, આપનો સાયએ હનીન આ ખાકસારો પર કાઇમો દાઇમ રહે અને આપની દોઆની બરકતથી અલ્લાહ હમારી હર મુશ્કિલને આસાન કરે અને હમને રિઝ્કે હલાલ ઇનાયત ફરમાવે, આમીન...

(૧) **ભાઇસાહેબ શોએબઅલીભાઇ - સનરાઇઝ પ્લાસ્ટીક્સ,** સરદાર એસ્ટેટ, વડોદરા. ફોન : ૨૫૬૩૩૫૧
(૨) **ભાઇસાહેબ કાસિમઅલીભાઇ - ઝૈબાઇશ ડ્રેસ મટીરીયલ્સ,** પાણીગેટ, વડોદરા. મો.: ૯૯૭૪૧૫૭૫૬૬
(૩) **ભાઇસાહેબ કમ્બરઅલીભાઇ - ન્યુ ઓપ્ટિક હાઉસ,** ચોખંડી, વડોદરા. ફોન : ૬૫૮૪૫૪૮
(૪) **ભાઇસાહેબ નાસિરઅલીભાઇ - સુપર કન્ટેનર્સ,** સરદાર એસ્ટેટ, વડોદરા. ફોન : ૨૫૬૧૭૧૨
(૫) **ભાઇસાહેબ શેહાબુદ્દીનભાઇ - રોયલ ઓપ્ટીશીયન્સ,** રોયલ એપાર્ટમેન્ટ, વડોદરા. મો.: ૯૮૨૫૧૮૪૨૩૦
(૬) **મુલ્લા હુસૈનઅલી ચીનવાલા - ડીલક્ષ ફોટોફ્રેમ કંપની,** સરદાર એસ્ટેટ, વડોદરા. ફોન : ૨૫૬૨૩૮૨
(૭) **મુલ્લાં અમીરૂદ્દીન ઝરીવાલા - હેડ મુદર્રિસ, મદ્રસએ તૈયેબીયાહ,** વડોદરા. ફોન : ૬૫૯૮૯૦૯
(૮) **મુલ્લાં દિલાવરહુસૈન મોતીવાલા - સ્ટાર હાર્ડવેર,** નવાબઝાર, વડોદરા. ફોન : ૨૪૩૨૧૭૯
(૯) **ઝાકિર એજાઝભાઇ વોહરા - વોહરા ક્લાસીસ,** વાડી, વડોદરા. મો.: ૯૮૨૪૦૬૦૪૩૮
(૧૦) **ઇકબાલહુસૈન ટીનવાલા - અલવી પ્લાસ્ટીક,** મંગલ બઝાર, વડોદરા. ફોન : ૨૪૨૪૧૧૭
(૧૧) **મઝાહિરભાઇ પોપટવાલા - ચાહચા પર્સનલ ટ્યુશન ક્લાસીસ,** નવાપુરા, વડોદરા. મો.: ૯૮૨૪૪૮૯૩૬૮
(૧૨) **બદરૂદ્દીનભાઇ કોસંબાવાલા - બરોડા જનરલ સ્ટોર,** જૂના બઝાર, કોસંબા. ફોન : ૦૨૬૨૯ ૨૩૧૭૪૩
(૧૩) **કૌસરહુસૈન બદરી - બદરી સ્કેલ સ્ટોર,** મોટા બઝાર, નવસારી. મો.: ૯૮૯૮૦૨૦૦૦૦
(૧૪) **નાસિરહુસૈન સમલાયાવાલા - પરફેક્ટ સ્કેલ સેન્ટર,** જી.આઇ.ડી.સી., અંકલેશ્વર. મો.: ૯૩૨૮૨૧૨૫૩૧
(૧૫) **શૌકતહુસૈન મેવલીવાલા - અદનાન ઓપ્ટીશીયન્સ,** ચોખંડી, વડોદરા. ફોન : ૨૫૮૧૭૮૬
(૧૬) **રિયાઝઅલી ભાઇસાહેબ - નેશનલ કન્ટેનર્સ,** સરદાર એસ્ટેટ, વડોદરા. ફોન : ૨૫૭૧૪૧૮
(૧૭) **મઝાહીરભાઇ ગોધરાવાલા - સ્પોકન ઇંગલીશ ક્લાસીસ,** વોહરા ક્લાસીસમાં, વાડી, વડોદરા. મો.: ૯૯૨૫૭૧૧૩૧૮ ★

**ઝમાનો બદલાતો નથી, પણ ઈન્સાનની સોચ બદલાય છે.**

## -::: બશારતોની બહાર :::-

**વો કલામ લિખ્ખેં હુઝૂર પર કે બહિશ્ત જિસકા સિલા મિલે,**
**યે તલબ તો અપની તરફસે હૈ પ ઉધરસે દેખીએ ક્યા મિલે,**
**દરે તૈયેબી પ જો આ ગયા હૈ યકીન ઉસકો મિલે અલી,**
**જો અલી મિલે તો નબી મિલે, જો નબી મિલે તો ખુદા મિલે.**

મુમેનીનના રૂહે રવાઁ, મુખ્લેસીનના તબીબે ઝુશિફા, હિદાયતના શમ્એ બાકમાલ, શરાફતના શમ્સે લાઝવાલ ૪૪ માં દાઈએ હુસૈન સૈયેદના અબુ હાતિમ તૈયેબ ઝિયાઉદ્દીન સાહબ (ત.ઉ.શ.) ના દરબારે આલીમાં આપના ૭૮ માં મીલાદે મુબારકનો તોહફો અરઝ કરતા હુવા,

**સના ઉનકી ઔર ઇસ આજિઝ બયાઁ સે, ઝબાઁ**
**વલ્લાહ મેં લાઉં કહાઁ સે !**

અબ્દે અદના, તાલિબે કરમ અને કોતાહ કલમને વાસ્તે ઈન્તેહાઈ દુશ્વાર છે કે, આપ મૌલાની વસ્ફો સના કરે; જેમ એક નાચીઝ કતરાને સમંદરની વુસઅત-મોટાઈ અને તેની ગહેરાઈનો અંદાઝો લગાવવાનું કહેવામાં આવે; યા એક ખાકસાર ઝર્રાને આફતાબની રૌશની અને તેની આબોતાબની બયાની કરવાનું કહેવામાં આવે.

રેહલે દાઅવત પર દરખ્શાઁ અને ફરખંદા થઈને આપ મૌલા જે તરહ કર્રોફર-તફક્કુર-તદબ્બુર થી દાઅવતે ફાતેમીયાહની કિશ્તીએ નૂરાનીને ખૂશ તરીકાથી તરક્કી અને આબાદીની મંઝિલે કુદસી તરફ લઈ જઈ રહ્યા છે તે લાઈકે દાદ અને કાબિલે તેહસીન છે. આ દૌરે તલાતુમ અને વક્તે શયતાનીમાં આપ આકાની મિસ્લ રાહનુમા, રાહબર, હાદી, દાઈએ હક્ક, શફીકો રહીમ બાવાજીની કૌમો મિલ્લતને ઝરૂરત છે જે મુમેનીનને હક્કગોઈ, હક્કપરસ્તી, હક્કનુમાઈ અને હકકશનાસી તરફ દાઅવત દે. પરવરદિગારે આલમના દરબારમાં દસ્ત-બ-દસ્તા આજેઝાના-મુખ્લેસાના દોઆ છે કે, રહેતી દુનિયા તક આપ મૌલાનો સાયએ હનીન, નઝરે લતાફત હમેશા હમ મુખ્લિસ અકીદત મંદો-ખૈરખ્વાહોં પર બારિશની તરહ અબરે રહેમતથી કરમની બુંદો બનીને વરસતી રહે.

હમેં ખુદામે દાઅવત આપ મૌલાની ઉમ્ર દરાઝી અને મુબારકબાદી વાસ્તે અકીદતમંદાના-મોઅદ્દેબાના અરઝ ગુઝારીએ છીએ....

***હૈ આજ યૌમે મસર્રત હૈ આજ યૌમે સઈદ,***
***હરએક મુમિને મુખ્લિસ કો મિલ રહી હૈ નવીદ,***
***પલટ-પલટ કે યે બુશરા સુનાને આઈ હૈ,***
***બજુઝ “ ઝિયા ” કી વલાયત કે ઔર ક્યા હૈ ઈદ.***

***અય રેહબરે હક્ક, શમ્સે હોદા, માલિકે દાઅવત,***
***સાયા રહે હમ પર તેરા સદ સાલ સલામત,***
***“ અલવી ” કી દોઆ હૈ કે બઢે રૂત્બએ આલી,***
***ઔર ખિઝ કી હો ઉમ્ર તુઝે હક્ક સે ઈનાયત.***

***તું હૈ દાઈએ રાહે હક્ક, અમીરે કારવાઁ તું હૈ,***
***અલીકા વારિસો નાઈબ હરમ કા પાસ્બાઁ તું હૈ,***
***રૂમૂઝે ઈલ્મો હિકમત કા હકીકી તરજુમા તું હૈ,***
***બસીરત સે અગર દેખેં હકીકત મેં કુરઆં તું હૈ.***

***ચમકતા હો શરાબે માઅરેફત સે દિલ કા પૈમાના,***
***સલામત સાકીએ કૌસર રહે યે હક્ક કા પૈમાના.*** ★

**તમારી ઔલાદ સાથેનો નેક સુલૂક તેઓમાં અદબ પૈદા કરે છે.**

**સાલાના લવાઝેમાત (Yearly Subscription)**
**રૂા. ૬૦ /- (પોસ્ટેજ સાથે)**
મેનેજર :- **મુલ્લાં ઇબ્રાહીમ ટી. બરોડાવાલા**
નાઝ બોક્ષના ઘરને બાજુમાં, બદરી મોહલ્લા,
વાડી, વડોદરા - ૩૯૦ ૦૧૭. ફોન : ૨૫૮૩૯૪૯.
ખિદમતગુઝાર :- **મુલ્લાં સિરાજઅલી અત્તરવાલા**
(નફીસ, મુંબઈ) ફોન : ૯૮૨૦૮૩૮૮૨૪. ★